# નિઝર સરકારી મોડેલ સ્કૂલની ધો.૧૧ની વિદ્યાર્થિનીનું ઊલટી થયા બાદ મોત

**જમ્યા** બાદ ઊલટી થતાં તબિયત લથડી, હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત

**જમવામાં** કઈ આવ્યું હોય તો અન્ય વિદ્યાર્થિનીઓને અસર કેમ ન થઈ? પીએમ રિપોર્ટ બાદ જ હકીકત જાણી શકાશે



વ્યારા: નિઝર ગામે સરકારી મોડેલ સ્કૂલમાં ધોરણ ૧૧માં અભ્યાસ કરતી તેમજ મોડેલ સ્કૂલને અડીને આવેલી ગર્લ્સ હોસ્ટેલમાં રહેનાર ૧૬ વર્ષીય વિદ્યાર્થિનીનું ઊલટી થયા બાદ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી, જ્યાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. મોતને પગલે પરિવારમાં શોકની કાલિમા છવાઈ જવા પામી હતી.

બુધવારે હોસ્ટેલમાં બપોરના આશરે ત્રણ થી સાડા ત્રણેક વાગ્યાના અરસામાં નિહલ મહેશભાઈ વળવી (રહે., ગુજ્જરપુર તા. નિઝર, જિ.તાપી) ને ઊલટી થતા સારવાર અર્થે નિઝર સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડવામાં આવી હતી, જ્યાં ફરજ પરના તબીબે વિદ્યાર્થીનીને પ્રાથમિક સારવાર આપીને વધુ સારવાર માટે રીફર કરતાં મહારાષ્ટ્રના નંદુરબાર ખાતે આવેલી સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી. જ્યાં સારવાર દરમિયાન વિદ્યાર્થિનીનું મોત નીપજ્યું હોવાનું જાણવા મળ્યુ છે. જોકે, આ લખાય છે ત્યાં સુધી આ મામલે પોલીસ તપાસ ચાલુ હોવાથી તેમજ તબીબી રીપોર્ટ પણ મેળવવાનાં બાકી હોય મોતનું કારણ હાલ અકબંધ રહ્યું છે. જોકે, પોલીસ દ્વારા આ મામલે શાળા અને હોસ્ટેલનાં કર્મચારીઓનાં જવાબ લેવાયાનું જાણવા મળ્યુ છે.

સમગ્ર ઘટનામાં ગૃહમાતાનાં જણાવ્યા મુજબ નિહલને બપોરે જમ્યા બાદ આશરે ત્રણ વાગ્યાના અરસામાં તેને ઊલટી થયા બાદ અચાનક ચક્કર આવવા લાગ્યા હતા, ત્યારબાદ તાત્કાલિક હોસ્પિટલ સારવાર અર્થે લઈ ગયા હતા. મહત્વનો પ્રશ્ન તો એ ઉઠે છે કે, જમવામાં કઈ આવ્યું હોય તો તેની અન્ય વિદ્યાર્થિનીઓને અસર કેમ ન થઈ? જો કે ઊલટી થયા પછી અચાનક મોત થઈ હોય ત્યારે તબીબી રીપોર્ટ આવ્યા પછી જ મોતનું સાચું કારણ જાણી શકાય તેમ છે. મહારાષ્ટ્રના નંદુરબારની રેફરલ હોસ્પિટલ ખાતે ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કરી હાલ પોસ્ટમોર્ટમ સહિતની વધુમાં કાર્યવાહી હાથ ધરાઈ છે.

## ઉચ્છલનાં મીરકોટ ગામે ઘરે બનાવેલા ભોજનથી પરિવારને ફૂડ પોઇઝનિંગની અસર

**બે** નાના બાળકો સાથે પરિવારના પાંચ સભ્યોને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા

વ્યારા: ઉચ્છલ તાલુકાના મીરકોટ ગામે રેલવે ફળિયામાં પોતાના ઘરે જમવાનું બનાવ્યું તેમાં ફૂડ પોઇઝનિંગની અસર થતાં આખા પરિવારને ચક્કર આવતા પાંચ સભ્યોને સોનગઢ સરકારી દવાખાને ખસેડવામાં આવ્યા હતા, જ્યાં પ્રાથમિક સારવાર બાદ તમામને વધુ સારવાર અર્થે વ્યારા જનરલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. હાલ તમામ સારવાર હેઠળ છે. તેઓની તબિયત સુધારા પર હોવાનું જાણવા મળ્યું છે. જોકે, આ મામલે પોલીસે જાણવા જોગ નોંધ કરી આ મામલે વધુમાં તપાસ હાથ ધરી છે. બનાવની વિગત એવી છે કે, તા. 27મી માર્ચે રાત્રિએ બાબલીબેન ગામીતે પોતાના ઘરે પરિવારના તમામ સભ્યો માટે ભોજન બનાવ્યું હતું. ભોજન આરોગ્યા બાદ પરિવારના પાંચેય સભ્યોની તબિયત ખરાબ થઈ હતી. જેમાં બાબલીબેન કલ્પેશભાઇ ગામીત (ઉં.વ.૩૪), પ્રવિણભાઇ શંકરભાઇ ગામીત (ઉં.વ.૩૪), મરીયમબેન પ્રવિણભાઇ ગામીત (ઉં.વ.૩૫), બ્લેસીબેન કલ્પેશભાઇ ગામીત (ઉં.વ.૧૧), સામાર્થ પ્રવિણભાઇ ગામીત (ઉં.વ.૦૫) (તમામ રહે., મીરકોટ ગામ રેલવે ફળિયું, તા.ઉચ્છલ, જિ.તાપી) ની તબિયત લથડી હતી. તમામનાં મોઢામાં કડવાશ તથા ચક્કર આવવા લાગ્યા હતા. જે બાદ તેમને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

## વાલોડના બાજીપુરા ગામે પાંચ જુગારી ઝડપાયા, એક વોન્ટેડ

વ્યારા: વાલોડના બાજીપુરા ગામે પૂર્વ હળપતિવાસ ફળીયામાં ભાથીજી મંદિર પાસે ચકલી પોપટનો જુગાર રમતા પાંચ જુગારિયાઓને પોલીસે ઝડપી પાડ્યા હતા. આરીફ તસ્બર શેખ (ઉં.વ.૩૬ રહે., જંગલશા બાવાની દરગાહ પાસે, લીંબાયત, સુરત), દિનેશ કાંતીભાઈ ઢીમ્મર (ઉં.વ.૫૫ રહે., માછીવાડ, સૈયદપુરા, સુરત) નાઓ આવતા જતા લોકો પાસેથી ચકલી પોપટનો હારજીતનો જુગાર રમાડી રહ્યા હતા. જુગાર રમનાર બિનેશ જીતુભાઈ ગામીત (ઉં.વ.૪૦ રહે., વાલોડ ચાર રસ્તા પાસે તા.વાલોડ, જિ.તાપી), સુનિલ રાજુભાઈ હળપતિ (ઉં.વ.૨૫ રહે., ઈનમા ગામ, વાંસ ફળિયું, તા.વાલોડ, જિ.તાપી), રામુ ભંગારભાઈ રાઠોડ (ઉં.વ.૫૫ રહે., બાજીપુરા ગામ, પુલ ફળિયું, તા.વાલોડ, જિ.તાપી) ને ઝડપાયા હતા. આરોપીઓની અંગ ઝડતીમાં રોકડા રૂ.૧૮,૦૬૦, 3 મોબાઈલ કિં.રૂ.૧૫,૦૦૦ તથા એક હોન્ડા એક્ટિવા મોપેડ કિં. રૂ.૨૦,૦૦૦, એક પ્લાસ્ટીકનું અલગ અલગ ચિત્રો દોરેલ બેનર, એક સ્કાય બ્લ્યુ કલરના કાગળ પર ગુલાબી- જાબુંડી કલરની ચિઠ્ઠીઓ મળી રૂ.૫૩,૦૬૦ ના મુદ્દામાલ કબજે કર્યો છે. જ્યારે સોહેલ જાકીર અંસારીનાઓને વોન્ટેડ જાહેર કરાયો છે.

## લ્યો બોલો, બમરોલીમાં પેટ્રોલપંપ પર પાર્ક ચાર ડમ્પરના પૈડાં, બેટરીની ચોરી

**9 પૈડાં,** 4 બેટરીની ચોરીમાં માલિકે શંકાના આધારે ડમ્પરચાલક સામે પોલીસ ફરિયાદ નોંધાવી



બારડોલી: બારડોલીના બમરોલી ગામે પેટ્રોલપંપ પર પાર્ક કરેલા પાંચ પૈકી ચાર ડમ્પરમાંથી પૈડાં અને બેટરીની ચોરી થઈ હતી. માલિકે ડમ્પરચાલક સામે શંકા વ્યક્ત કરતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. ડમ્પર ચાલકો કુલ 1.55 લાખની મત્તાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા.

આ અંગે મળતી માહિતી અનુસાર બારડોલીના તેન ગામની ચાણક્યપૂરી વિસ્તારમાં આવેલી શિવમપાર્કમાં રહેતા રાજેશભાઈ અરવિંદભાઈ પટેલ કાર્ટિંગના વ્યવસાય સાથે સંકળાયેલા છે. તેમની પાસે પાંચ ડમ્પર છે અને હાલ એક્સપ્રેસ વેની કામગીરીમાં માટી વહનની કામગીરી કરે છે. તેમને ત્યાં મનીષકુમાર બાલકૃષ્ણ દ્વિવેદી સાતેક દિવસ પહેલાં ડ્રાઇવરોને લઈને આવ્યો હતો. ચાલકો રાત્રિએ પેટ્રોલપંપ પર ડમ્પર પાર્ક કરી ત્યાં જ જમીને સૂઈ જતાં હતા. તા.1લી એપ્રિલના રોજ તેમનો સુપરવાઇઝર ઇમરાન સાહિસ્તા ખાન પેટ્રોલપંપ પર ગયો તો ત્યાં પાંચ ડમ્પર હતા પરંતુ ચાલકો જોવા મળ્યા ન હતા. પાંચ પૈકી ચાર ડમ્પરમાંથી 9 પૈડાં અને ચાર બેટરી ગાયબ હતા. ડમ્પરના એક ડ્રાઇવર રાજુભાઈ રહીમુદ્દીને સુપરવાઇઝર ઇમરાનને 29મી માર્ચના રોજ જણાવ્યું હતું કે, મનીષ બાલકૃષ્ણ દ્વિવેદી તેમને ખાવાના પૈસા આપે છે, પણ નાસ્તો તેમજ પાન-બીડી-સીગરેટના પૈસા આપતો નથી. આથી અમે ટ્રક મૂકીને અમારા ગામ જઈએ છીએ. આથી રાજેશને ચોરી મામલે મનીષ બાલકૃષ્ણ દ્વિવેદી (રહે સિંગરોલી, મહારાષ્ટ્ર) પર શંકા જતાં તેની સામે ચોરીની ફરિયાદ કરતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## વાલોડ તાલુકાના સરકારી કામોમાં ૧૦૦ કરોડથી વધુના કથિત ભ્રષ્ટાચારની રાજ્યપાલને ફરિયાદ

**ઉચ્ચ** સ્તરીય તપાસ કમિટી નિમવા ભારત આદિવાસી સંવિધાન સેનાની માંગ

વ્યારા: વાલોડ તાલુકામાં વિકાસના કામો માટે ફાળવાતી સરકારી ગ્રાંટોમાંથી થયેલા ૧૪માં અને ૧૫માં નાણાપંચનાં કામોમાં આશરે ૧૦૦ કરોડથી વધુનાં ભ્રષ્ટાચારના આરોપ મુકાયા છે. બે યોજનામાં જ આટલો મોટો ભ્રષ્ટાચાર થયો હોય તો અન્ય યોજનાઓ અંતર્ગતનાં કામોમાં તો કેટલો મોટો ભ્રષ્ટાચાર થયો હશે? આવા ગંભીર આરોપો સાથે ભારત આદિવાસી સંવિધાન સેનાનાં ગુજરાત પ્રદેશ અધ્યક્ષ રાકેશભાઇ ચૌધરીએ સરકારી નાણાંના દુરુપયોગ કરી સરકાર સાથે છેતરપિંડી કરનાર તેમજ ભ્રષ્ટાચારમાં સામેલ એજન્સીઓ, અધિકારીઓ, ચૂંટાયેલા પ્રતિનિધિઓ તમામ વિરુદ્ધ તપાસ કરી જવાબદારો સામે કડક પગલાં ભરવાની માંગ કરી છે.

ફરિયાદમાં બાજીપુરાનાં રાકેશ ચૌધરીએ જણાવ્યુ છે કે, ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ મુખ્યમંત્રી અને રાજ્યપાલના નામે કલેકટરને આ ભ્રષ્ટાચારની તપાસ કરવા આવેદન આપ્યું છે અને થયેલા ભ્રષ્ટાચારના પુરાવા તરીકે એક ફાઈલ પણ જમા કરાવી છે. કલેક્ટર દ્વારા ચોક્કસ પુરાવા રજૂ કરવાનું કહ્યું ત્યારે ૨૮ ફેબ્રુઆરીના રોજ આપેલ આવેદનની સાથે જ પુરાવા તરીકે ૩૦૦ પાનાની ફાઈલ પણ જમા કરાવી છતાં આ બાબતથી તદ્દન અજાણ હોય તેમ ગોળ ગોળ જવાબ અપાયા હતા. આ ભ્રષ્ટાચારની તપાસ કરવા એક ઉચ્ચ સ્તરીય કમિટીનું ગઠન કરવાની સાથે સાથે તલાટીથી માંડીને કલેકટર સુધીના અધિકારીઓ દ્વારા આ ભ્રષ્ટાચાર બાબતે શું તપાસ કરવામાં આવી? પોતાની ફરજ પ્રત્યે નિષ્ઠાપૂર્વક જવાબદારી ન નિભાવી શકનાર અધિકારીઓ સામે પણ કાર્યવાહી કરવાની માંગ કરાઈ છે.

## ઓલપાડ તેના ગામે ગ્લાસ ફેક્ટરીના ગોડાઉનમાં આગ લાગી, લાખોનું નુકસાન



સાયણ: મંગળવારની રાત્રે ઓલપાડના કાંઠા વિસ્તારના તેના ગામે આવેલી સનરાઇઝ ગ્લાસ ઈન્ડસ્ટ્રીઝના ગોડાઉનમાં આગ લાગી હતી. સદનસીબે આગમાં કોઈ જાનહાનિ થવા પામી ન હતી.

ઓલપાડ કાંઠાના તેના ગામે આવેલી સનરાઇઝ ગ્લાસ ઈન્ડસ્ટ્રીઝ પ્રા.લી ના ગોડાઉનમાં ઈલેક્ટ્રીક શોર્ટ સર્કીટથી આગ ભભૂકી ઉઠી હતી. આગ દુર્ઘટનાથી ઘટના સ્થળે દોડી આવેલા ફાયર જવાનોએ પાણીનો મારો ચલાવી ભારે જહેમતે આગ કાબૂમાં લીધી હતી. જો કે આગના કારણે ફેક્ટરીમાં મુકેલો સામાન બળીને ખાખ થઈ જતાં લાખો રૂપિયાનું નુકસાન થયું હતું. જો કે કોઈ જાનહાનિ ન થતાં ફેક્ટરી માલિક અને સરકારી તંત્રએ રાહતનો દમ લીધો છે.

## મહુવાના બુટવાડામાં પ્રેમસંબંધ કાપી નાંખતા પ્રેમિકા પર પ્રેમીનો હુમલો

**પ્રેમિકા** અને વૃદ્ધ માતાના હાથ ઉપર ધારિયું મારી ઇજા પહોંચાડી ફરાર

અનાવલ: મહુવા તાલુકાના બુટવાડા ગામે પ્રેમીએ મજૂરી કામ કરવા ગયેલી પ્રેમિકા અને તેની 60 વર્ષીય માતાના હાથમાં ધારિયું મારી હાથમાં ગંભીર ઈજા પહોંચડી પ્રેમી ફરાર થઇ ગયો હતો. પ્રેમિકાને અગાઉ પ્રેમસંબધ હતો પરંતું બાદમાં તેણીએ સંબંધો કાપી નાંખતાં ઉશ્કેરાયેલા પ્રેમીએ મજૂરી કામના સ્થળે પહોંચી ધારિયાથી હુમલો કર્યો હતો.

પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ મહુવાના ધામખડી ગામે ઉપલું ફળિયામાં રહેતી 37 વર્ષીય શ્રમિક મહિલા સાથે મહુવાના ધામખડી ગામ ટેકરી ફળિયામાં રહેતા નિતીન અરવિંદભાઈ પટેલને અગાઉ પ્રેમસંબંધ હતા. જેથી હવે પછી તેણીએ નિતીનને પ્રેમસંબંધ નહીં રાખવા જણાવી દીધું હતું. જેની નિતીન પટેલે અદાવત રાખી હતી. દરમિયાન આ પૂર્વ પ્રેમિકા અને તેણીની સાથે કામ કરતી 60 વર્ષીય બુટવાડા ગામે જગદીશભાઈ પટેલના માલિકીની ખેતરમાં મજૂરી કામે ગયા હતા.તે દરમિયાન નિતીન પટેલે સ્થળ પર આવી પહોંચી પ્રેમિકા અને વૃદ્ધ માતા ઉપર ધારિયું લઈને હુમલો કરી બંન્નેના હાથમાં ગંભીર ઈજા પહોંચાડતા લોહિલુહાણ થઇ ગઇ હતી. આ હુમલો કરી નિતીન નાસી ગયો હતો. ઈજાગ્રસ્તોને વ્યારા રેફરલ હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરાયા હતા. જ્યાં મહુવા પોલીસ સ્ટેશને મહિલાએ હુમલો કરનાર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

## બારડોલી તાલુકા સેવા સદનનો બગીચો ઉજ્જડ બન્યો



બારડોલી: બારડોલી તાલુકા સેવા સદન પરિસરમાં આવેલો બગીચો કાળજીના અભાવે ઉજ્જડ થઈ ગયો છે. વૃક્ષો પણ ન હોય અહીં આવતા અરજદારો માટે બેસવા માટેનું એક સ્થાન પણ છીનવાય ગયું હોવાનો લોકો અનુભવ કરી રહ્યા છે. બગીચામાં રોપવામાં આવેલી લોન પણ સૂકાઈ ગઈ છે તેમજ વૃક્ષો પણ ગાયબ હોય લોકો પણ બગીચામાંથી ગાયબ થઈ રહ્યા છે. અધિકારીઓ દ્વારા વૃક્ષારોપણ કરી બગીચાને લીલોછમ બનાવવામાં આવે તો કચેરીમાં આવતા જતાં લોકો માટે આ બગીચો બળબળતા તાપમાં આશીર્વાદરૂપ સાબિત થઈ શકે તેમ છે.

## સોનગઢના સાદડકુવા ગામે વડિલોપાર્જિત જમીન બાબતે માતા-પુત્રનો હુમલો

**જમીનની** સફાઈ કરતાં સમયે આવી ચઢેલા માતા-પુત્રએ પરિવારને માર માર્યો

વ્યારા: સોનગઢના સાદડકુવા ગામે નિશાળ ફળિયામાં વડિલોપાર્જિત જમીન બાબતે પથ્થર મારી બેરહેમીથી હુમલો કરનાર પુત્ર અને માતા વિરુધ્ધ ગુનો નોંધાયો છે.

વિતેલા સોમવારે સાદડકુવાનાં શિવાજીભાઈ મિનાભાઈ ગામીત પોતાના પરીવાર સાથે પોતાની વડીલોપાર્જીત દાદા ફત્યાભાઈ કાળીયાભાઈ ગામીતના ભાગે આવેલી ખેતીની જમીનમાં સાફ-સફાઈ કરવા ગયા હતા, તે વખતે નિતેષ ગામીત તથા તેની માતા ઝીણીબેન ગામીતે તમારું અહીં કઈ લાગે-વળગે નહીં, તમે અહીંથી નિકળી જાવ તેમ કહેતા શિવાજીભાઈએ આ મારા દાદાની જમીન છે. અમે કેમ નિકળી જઈએ? આવુ કહેતાં નિતેશભાઈ એકદમ ઉશ્કેરાઈ ગાળો બોલી ગરદન પકડી શિવાજીનું મોઢુ જમીનમાં ઘસડ્યું હતું. શિવાજીની માતા સુમિત્રાબેન, પિતા મિનાભાઈ તથા પત્નિ અનિલાબેન છોડાવવા જતાં નિતેષભાઇ તથા તેની માતા ઝીણીબેને મળી તેઓને પણ ગડદા પાટુનો માર માર્યો હતો. શિવાજીની ફરિયાદનાં આધારે પોલીસે નિતેષ રમેશભાઇ ગામીત તથા તેની માતા ઝીણીબેન રમેશભાઇ ગામીત (બંને રહે., નિશાળ ફળિયા, સાદડકુવા, તા. સોનગઢ) વિરુધ્ધ ગુનો નોંધી વધુમાં તપાસ હાથ ધરી છે.

## કોસંબામાં લો વોલ્ટેજ વીજ સમસ્યાને લઈ લોકોનો DGVCLની કચેરીએ મોરચો

**ઈદગાહ** વિસ્તારમાં છેલ્લા કેટલાય સમયથી સમસ્યાને લઈ લોકો પરેશાન, વીજ ઉપકરણોને નુકસાન



હથોડા: કોસંબાના વોર્ડ નં. 3 માં સમાવાયેલા ઈદગાહ વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી તદ્દન લો વોલ્ટેજ સમસ્યાના કારણે સ્થાનિકો ત્રાહિમામ પોકારી રહ્યા છે. અવારનવાર મૌખિક રજૂઆત કરવા છતાં તંત્રના અધિકારીઓ દ્વારા ધ્યાન નહીં આપવામાં આવતા અને સમસ્યા જેમની તેમ રહેતા ત્રાસેલા લોકો આજે ડીજીવીસીએલ કચેરીએ મોરચો લઈ પહોંચી આવેદનપત્ર આપી ઉગ્ર માંગ કરી હતી.

આપેલા આવેદનપત્રમાં સંખ્યાબંધ લોકોએ સહી કરીને જણાવ્યું હતું કે વિસ્તારમાં છેલ્લા કેટલાક મહિનાઓથી આ સમસ્યા સર્જાઇ રહી છે. જવાબદાર અધિકારીઓને વારંવાર મૌખિક ફોન દ્વારા ધ્યાન દોરવા છતાં કોઈ ધ્યાન આપવામાં આવ્યું નથી. જેના કારણે સ્થાનિક લોકોને રાત દિવસ હેરાનગતિ ભોગવવાનો વારો આવી રહ્યો છે. તદ્દન લો વોલ્ટેજના કારણે ઘરોમાં પૂરતા પંખા પણ પૂરજોશમાં ચાલતા નથી અને મચ્છરનો પણ ભારે ત્રાસ રહે છે. ગરમીના સમયેમાં લોકો શાંતિથી ઊંઘી શકતા નથી, જેના કારણે લોકોની સહનશીલતા હવે ખૂટવા પામી છે. જેથી આજે લોકો સમૂહમાં ભેગા થઈને ડીજીવીસીએલ કચેરી ખાતે મોરચો લઈ ગયા હતા અને યુદ્ધના ધોરણે આ સમસ્યા હલ કરવામાં આવે તેવી અધિકારીને તાકીદ કરવામાં આવી હતી. હજી પણ અધિકારીઓ દ્વારા ધ્યાન આપવામાં નહીં આવશે તો ટૂંક સમયમાં આંદોલન કરવાની ચીમકી આપી હતી.

### પાસોદરા પાટીયા પાસે પરિવારને અડફેટે લેનાર

## નશામાં ચૂર કારચાલકને લોકટોળાએ મેથીપાક આપી પોલીસ હવાલે કર્યો

**દંપતીને** ગંભીર ઈજા થતાં હોસ્પિટલ ખસેડવામાં આવ્યા

કામરેજ: પાસોદરા પાટીયા પાસે નશામાં ચૂર કારચાલકે બાઈક પર સવાર પરિવારને અડફેટે લેતાં વિફરેલા ટોળાએ ચાલકને મેથીપાક આપી કામરેજ પોલીસને સોપ્યો હતો.

મૂળ રાજકોટના અને હાલ પાસોદરા ઓમ ટાઉનશીપ વિભાગ-1 માં ઘર નં. 201 માં સુનિતાબેન નિરવભાઈ મોકાણી રહે છે. બુધવારના રોજ પતિને ઓફીસમાં રજા હોય રાત્રે દંપતી, પુત્ર હયાન તેમજ નણંદનો પુત્ર વંશ સાથે જમવા માટે બાઈક પર પાસોદરા પાટીયા પાસે જઈ રહ્યા હતા. ત્યારે વાવ ગામના મિશન કેનાલ રોડ પાસોદરા પાટીયાથી જે.બી ડાયમંડ સ્કૂલ તરફ હુન્ડાઈ આઈ 10 કાર (નં. જીજે 36 એફ 4521) ના ચાલકે બાઈક પર જતાં પરિવારને અડફેટે લેતાં સુનિતાબેન, પુત્ર હયાન અને ભાણેજ વંશ રોડની સાઈડમાં ફેકાઈ ગયા હતા. જયારે નિરવભાઈ રોડ તરફ ફેકાઈ ગયા હતા. કારના ચાલકે કાર રોડની સાઈડમાં ઉતારી દીધી હતી. અકસ્માતમાં સુનિતાબેન તેમજ તેમના પતિ નિરવભાઈને શરીરે ઈજા થતાં સારવાર માટે 108માં ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયા હતા. આ ઘટના બનતાં એકત્ર થઈ ગયેલા લોકટોળાએ નશામાં ચૂર કારના ચાલક જગદીશ ચુની ગરાલા (રહે., સી-104, અંબિકા હાઈટસ, વાવ)ને મેથીપાક આપી કામરેજ પોલીસને હવાલે કર્યો હતો. કામરેજ પોલીસે સુનિતાબેનની કારચાલક સામે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## બારડોલીમાંથી ચાર જુગારીઓ ઝડપાયા

બારડોલી: બારડોલીના બેન્ડવાળા ટેકરા ઉપર પોલીસે દરોડા પાડી જુગાર રમી રહેલા શશિભાઈ ભીમરાવભાઈ સીંદે (રહે.,સ્વામી રેસિડન્સી, શાસ્ત્રી રોડ, બારડોલી), કાલુભાઈ નવાબભાઈ કાઝી (રહે, ઈસ્લામપુરા, બારડોલી), બેગીભાઈ જગદીશભાઈ કુસ્વાહ (રહે,નવદુર્ગા સોસાયટી, બારડોલી) અને જીતેંદ્રભાઈ પરમાર (રહે, સ્વરાજ આશ્રમ, બારડોલી)ની ધરપકડ કરી હતી.


Milano MULTIPLEX

બારડોલી

Sikandar

10:00am, 12:00pm, 01:00pm, 03:00pm, 06:00pm, 09:00pm, 10:00pm

All The Best Pandya - Gujarati 04:00pm, 09:30pm

Chhaava: 02:00pm, 05:00pm, 07:00pm

Ph:- 02622-230068

*Movie schedule and timings are subject to change without any prior notice

સંપર્ક: 98791 33333



ટી.એ.એસ.પી. વિભાગ અને આઈ.સી.ડી.એસ. વિભાગ (નર્મદા જીલ્લો) ગુજરાત સરકારની અને ધી ભરૂચ ડિસ્ટ્રકટ કો-ઓપરેટીવ મિલ્ક પ્રોડયુસર્સ યુનિયન લી. "દૂધધારા ડેરી", ભરૂચ દ્વારા અમલીકૃત

**દૂધસંજીવની યોજના માટે દુધ વિતરણ/ટ્રાન્સપાન્ટેશન કોન્ટ્રાકટ માટેનું ટેન્ડર**

પ્રાયોજના વહિવટદારશ્રી (ટી.એ.એસ.પી.) અને પ્રોગ્રામ ઓફિસરશ્રી નર્મદાની સૂચનાથી નર્મદા જીલ્લામાં અમલમાં રહેલ દૂધસંજીવની યોજના માટે ટ્રાન્સપોર્ટેશન (વિતરણ) કોન્ટ્રાકટ આપવા માટે ઇ-ટેન્ડર www.nprocure.com પર પ્રસિદ્ધ કરવામાં આવે છે. ઇ-ટેન્ડરની માહિતી નીચે મુજબ છે:

| અનુ. નં. | કામગીરીની વિગત | ઇ-ટેન્ડર આઇ.ડી. | કામગીરીની અંદાજીત કિંમત | ટેન્ડર ફી (નોન રીફંડેબલ) |
|---|---|---|---|---|
| ૧ | ડેડીયાપાડા તાલુકામાં દુધ વિતરણની કામગીરી | ૧૭૦૪૮૦ | ₹ ૬૮ લાખ | ₹ ૫૯૦૦ GST સાથે |
| ૨ | ગરૂડેશ્વર તાલુકામાં દુધ વિતરણની કામગીરી | ૧૭૦૪૮૨ | ₹ ૨૭ લાખ | ₹ ૫૯૦૦ GST સાથે |
| ૩ | નાંદોદ તાલુકામાં દુધ વિતરણની કામગીરી | ૧૭૦૪૮૩ | ₹ ૩૭ લાખ | ₹ ૫૯૦૦ GST સાથે |
| ૪ | તિલકવાડા તાલુકામાં દુધ વિતરણની કામગીરી | ૧૭૦૪૮૪ | ₹ ૨૬ લાખ | ₹ ૫૯૦૦ GST સાથે |
| ૫ | સાગબારા તાલુકામાં દુધ વિતરણની કામગીરી | ૧૭૦૪૮૭ | ₹ ૩૭ લાખ | ₹ ૫૯૦૦ GST સાથે |

**ઇ-ટેન્ડર માટે અગત્યની તારીખો અને સમય નીચે મુજબ છે જેની ખાસ નોંધ લેવા વિનંતી છે.**

| | |
|---|---|
| ટેન્ડર આપવાનું શરૂ થવાની તારીખ અને સમય | તા.૧/૪/૨૦૨૫નાં સવારનાં ૧૧.૦૦ કલાકથી |
| ટેન્ડર આપવાની આખરી છેલ્લી તારીખ અને સમય | તા.30/૪/૨૦૨૫નાં સાંજે ૧૬.૦૦ કલાક સુધી |
| ટેન્ડર ઓનલાઇન સબમીટ (જમા) કરવાની છેલ્લી તારીખ અને સમય | તા.30/૪/૨૦૨૫નાં સાંજે ૧૬.૦૦ કલાક સુધી |
| પ્રી-બીડ મિટીંગની તારીખ અને સમય | તા.૯/૪/૨૦૨૫નાં રોજ બપોરે ૧૪.૦૦ કલાકે |
| ટેન્ડર પ્રાઇઝબીડ ખોલવાની સંભવિત તારીખ અને સમય | તા.3/૫/૨૦૨૫નાં રોજ સવારે ૧૧.૦૦ કલાકે |

**નોંધ : ૧.** પ્રી-બીડ મીટીંગ મહે. પ્રાયોજના વહિવટદારશ્રીની કચેરી, લાલ ટાવરની બાજુમાં, રાજપીપલા, જી. નર્મદા ખાતે યોજાશે.

**૨.** ટેન્ડર લેવા તથા ભરવા માટેની તમામ વિગતો **www.nprocure.com** પર ઉપલબ્ધ છે. દૂધ સંજીવની યોજના માટે કોઇ પણ ટેન્ડરનો સ્વીકાર/અસ્વીકાર કરવાની તમામ સત્તા પ્રાયોજના વહિવટદારશ્રી અને આઇસીડીએસ પ્રોગ્રામ ઓફિસરશ્રીને અથવા તેમણે આ કામે નિમેલ કમિટીને રહેશે અને તે માટે કોઇ પણ કારણ આપવું જરૂરી રહેશે નહીં.

**૩.** વધુ માહિતી માટે સંપર્ક કરી શકો છો : ૯૪૨૮૫ ૧૧૪૧૯ | સમય: સવારના ૧૦ કલાકથી સાંજના ૫ કલાક સુધી

**પ્રાયોજના વહિવટદારશ્રી અને આઇસીડીએસ પ્રોગ્રામ ઓફિસરશ્રીની સૂચનાથી, (એન.એમ.પટેલ) મેનેજીંગ ડીરેક્ટર**

તા-૧/૪/૨૦૨૫


## ઓલપાડના અટોદરા ગામે કપચી ખાલી કરી રહેલા ડમ્પરમાં આગ ભડકી

**જીવંત** વીજ તારને લઈ આગ લાગતા ડમ્પરનો ચાલક કૂદી જતાં બચાવ

સાયણ: બુધવારની મોડી રાત્રે અટોદરા ગામે મારૂતિ સોસાયટી નજીકનાં બાંધકામ પ્રોજેક્ટ સ્થળે હાઇવા ડમ્પર (નં. જીજે ૦૫ બીવી ૯૩૯૨) કપચી ખાલી કરવા આવ્યું હતું. કપચી ખાલી કરવા ચાલકે ડમ્પરનું હાઇડ્રોલીક ઊંચું કર્યું તે સમયે અચાનક ડમ્પરની બોડી સાથે ડીજીવીસીએલ કંપનીની પસાર થતી વીજ લાઇનનો જીવંત વીજ પ્રવાહનો તાર અડી જતાં આગ ભભૂકી ઊઠી હતી. જો કે આગ લાગતા ચાલક કૂદીને ભાગી જતાં તેનો આબાદ બચાવ થયો હતો. આગને લઈ દોડી ગ્રામજનો આવ્યા હતા. ઘટનાને લઈ વીજ પ્રવાહ ડૂલ થતાં ઇલેક્ટ્રિક મોટર ચાલુ ન થવાના કારણે આગ ઓલવવામાં નિષ્ફળતા મળી હતી. જેથી તેઓએ ફાયર ઓફિસમાં કોલ કરતાં ઘટના સ્થળે આવેલા ફાયર જવાનોએ પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લીધી હતી. આગમાં ડમ્પર બળીને ખાખ થઈ ગયું હતું.

### ૧૦૩ વર્ષ જૂની ઓલપાડ-ચોર્યાસી વિભાગ સુરતી દરજી પંચમાં પરિવર્તન

## હોદ્દેદારોની પેનલના ઉમેદવારો ફોર્મ તો લઈ ગયા, પણ પછીથી ન ભરતા હરીફ પેનલ બિનહરીફ

સાયણ: દેશની આઝાદી પૂર્વેથી દરજી જ્ઞાતિ સમાજના લોકોના ઉત્થાન માટે સેવા કરતી ૧૦૩ વર્ષ પહેલાની જુની સંસ્થા શ્રી ઓલપાડ-ચોર્યાસી વિભાગ સુરતી દરજી પંચ ચૂંટણીમાં હરીફ પેનલના તમામ ઉમેદવારો બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે.

સંસ્થાની ચૂંટણીમાં સંસ્થાના કાર્યરત હોદ્દેદારો સાથે વ્ય.સમિતિના ઉમેદવારો ફોર્મ લઈ ગયા હતાં. જો કે ફોર્મ ભરવાની મુદત દરમ્યાન ૩૦ ઉમેદવારોએ વ્ય. સમિતિના સભ્યપદ માટે ઉમેદવારી નોંધાવી હતી. જે પૈકી ૨ ઉમેદવારી પત્રો રદ થયા હતાં અને ૧૧ ઉમેદવારી પત્રો પરત ખેંચાતા ૧૭ બિનહરીફ ચૂંટાયા હતાં. જ્યારે ૪ બેઠકો ખાલી રહી હતી. જે ઉમેદવારો પૈકી પંચના મતદાર સભ્યોનો મિજાજ પારખી ગયેલા એકપણ વર્તમાન હોદ્દેદારે વ્ય.સમિતિના સભ્યપદ માટે ફોર્મ ભરવાની હિંમત ન કરતાં એકપણ વર્તમાન હોદ્દેદાર નવી વ્ય. સમિતિમાં સ્થાન પામી શક્યા ન હતાં. જે સાથે પરિવર્તન પેનલના તમામ ઉમેદવારો બિનહરિફ થયા હતા. પ્રમુખપદે પીપલોદના વિનોદભાઈ ટેલર, સાયણના મહેન્દ્ર ટેલર ઉપપ્રમુખ તથા મંત્રીપદે ગોથાણના જિજ્ઞેશ પ્રવિણભાઈ ટેલર બિનહરીફ ચૂંટાયા છે.